| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૬ /૦૯/૨૦૦૮ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૬ /૦૯/૨૦૦૮ |
| ફેંસલ તારીખ | ૦૩/ ૦૮/ ૨૦૨૬ |
| સમયગાળો | <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u> |

**<u>મે.લાલપુરના એડિશ્નલ ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ</u>**

**ફોજદારી કેસ નં.– ૧૪૯૮/૨૦૦૮**

આંક–

**ફરિયાદી:– શ્રી સરકાર**

**–– //<u>વિરૂદ્ધ</u> //––**

**આરોપીઓ:– (૧) અનીલ કુમારશા સીલજીશા**
રહે. મુળ તરાવા, થાના સાહેબગંજ
જી. મુજાફરપુર, રાજય– બીહાર

**(૨) મોતી મહંતો લખીચંદ મહંતો**
રહે. મુળ જહાંગી પરસોગી, થાના સાહેબગંજ
જી. મુજાફરપુર, રાજય– બીહાર
હાલ રહે. દેવરીયા, પ્હરાયગ કોલોની,
તા. ખંભાળીયા

**(૩) ઓમપ્રકાશ શ્રીચંદ્રદેવ મહંતો**
રહે. મુળ તરાવા, થાના સાહેબગંજ
જી. મુજાફરપુર, રાજય– બીહાર
હાલ રહે. દેવરીયા, પ્હરાયગ કોલોની,
તા. ખંભાળીયા

**(૪) સંજય શ્યામલાલ મહંતો**
રહે. મુળ તરાવા, થાના સાહેબગંજ
જી. મુજાફરપુર, રાજય– બીહાર
હાલ રહે. દેવરીયા, પ્હરાયગ કોલોની,
તા. ખંભાળીયા

**(૫) જોગીન્દરદાસ બુચીદાસ દાસવા**
રહે. મુળ તરાવા, થાના સાહેબગંજ
જી. મુજાફરપુર, રાજ્ય- બીહાર
હાલ રહે. દેવરીયા, પ્હરાયગ કોલોની,
તા. ખંભાળીયા

**(૬) મુન્ના તુનતુન પટેલ**
રહે. મુળ તરાવા, થાના સાહેબગંજ
જી. મુજાફરપુર, રાજ્ય- બીહાર
હાલ રહે. દેવરીયા, પ્હરાયગ કોલોની,
તા. ખંભાળીયા

**(૭) ધરમ દેવદાસ બુચીદાસ**
રહે. મુળ તરાવા, થાના સાહેબગંજ
જી. મુજાફરપુર, રાજ્ય- બીહાર
હાલ રહે. દેવરીયા, પ્હરાયગ કોલોની,
તા. ખંભાળીયા

**(૮) તુલશીદાસ બીહારીદાસ દાસ**
રહે. મુળ રાજનગર, થાના રાજનગર
જી. મધુબની, રાજ્ય- બીહાર
હાલ રહે. દેવરીયા, પ્હરાયગ કોલોની,
તા. ખંભાળીયા

**(૯) અબુ હસન સાંઇ**
રહે. મુળ તાજપુર કોઠી, થાના કેસરીયા
જી. પુરવી ચંપારામ, મોતીહારી રાજ્ય- બીહાર
હાલ રહે. દેવરીયા, પ્હરાયગ કોલોની, તા. ખંભાળીયા

**(૧૦) ધુપન ધુરા મહંતો**
રહે. મુળ ખોરા, થાના કેસરીયા
જી. પુરવી ચંપારણ, મોતીહારી રાજ્ય- બીહાર
હાલ રહે. દેવરીયા, પ્હરાયગ કોલોની,
તા. ખંભાળીયા

---

**ગુન્હો :- ઈ.પી.કો. કલમ ૩૬૫, ૩૪૨, ૩૨૩, ૩૪ મુજબનો...**

---

સરકાર પક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી કે.કે.પટેલ
આરોપીઓ તર્ફે વિ.વકીલ શ્રી કોઈ નહી

---

**–// ચુકાદો //–**

(૧).. આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમા હકીકત એવી છે કે, વાડીનાર મરીન પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં ૧૦/૨૦૦૮ થી તા.૦૬/૦૭/૨૦૦૮ ના રોજ ઈ.પી.કો. કલમ– ૩૬૫, ૩૪૨, ૩૨૩, ૩૪ મુજબનો ગુનો નોંધાયેલ છે. જેમાં ફરીયાદ આપનાર આકાશ વિજયસીંગ સ/ઓ સુરેન્દ્રસીંગ અનોપસીંગ ચંદેલનાએ ફરીયાદ આપેલ છે કે, આરોપીઓએ તા. ૦૬/૦૭/૨૦૦૮ ના રોજ ના ક. ૧૭.૩૦ વાગ્યે જાખર પાટીયા ચામુંડા હોટલ સામે આરોપીઓએ મજુરીના નીકળતા પૈસા કઢાવવા માટે ફરીયાદીને ઢીકાપાટુનો માર મારી, એકબીજાની મદદગારી કરી, ફરીયાદીનુ અપહરણ કરી, એસ્સાર લેબર કોલોનીમાં અટકાયત કરી, ગોંધી રાખી ગુનો કરેલ તે મતલબની ફરીયાદ દાખલ થયેલ છે. છે.

(૨).. આરોપી ઓ સામે ઉપરોક્ત મુજબની ફરીયાદ દાખલ થતા ત.ક.અમલદારે આરોપીઓ ની અટક કરેલ છે અને અને આરોપીઓને જામીન આપવામાં આવેલ છે અને તેથી આરોપીઓ જામીન મુક્ત થયેલા છે.

(૩).. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે તપાસ કરતા પુરતો પુરાવો હોય આરોપી ઓ સામે ઈ.પી.કો.કલમ ૩૬૫, ૩૪૨, ૩૨૩, ૩૪ મુજબનું ચાર્જશીટ દાખલ થયેલ છે.

(૪).. આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ થતા આરોપી ઓ જામીન ઉપર મુકત થયેલા હોય જેથી ધોરણસરના સમન્સ આરોપીઓને કાઢવામાં આવેલ છે અને જે બજી જતા આરોપીઓ હાજર થતા તેઓને સી. આર. પી. સી. કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે.

(૫).. આ કામના આરોપીઓ છેલ્લા ઘણા સમયથી મળી આવતા ન હોય અને તત્કાળ મળી આવે તેવી સંભાવના જણાઈ આવતી ના હોય, જેથી તેઓની વિરૂધ્ધ સી.આર.પી.સી.ની કલમ-૨૯૯ મુજબ તેઓ ની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૬).. સદર કામે ફરિયાદ પક્ષ તરફે પોતાના કેસના સમર્થનમાં કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે.

**<u>મૌખિક પુરાવાઃ</u>-**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૬ | સાહેદ નરેન્દ્રસિંહ ચંદુભા જાડેજાની સોગંદ પરની જુબાની. |
| ૨ | ૧૭ | સાહેદ પ્રવિણસિંહ ભોળુભા જાડેજાની સોગંદ પરની જુબાની. |
| ૩ | ૨૧ | પંચ સાહેદ દિપકભાઇ લાલાભાઈ ફફલ ની સોગંદ પરની જુબાની. |
| ૪ | ૨૩ | પંચ સાહેદ ખુમાનસિંહ કેશુભા ઝાલાની સોગંદ પરની જુબાની. |
| ૫ | ૨૫ | પંચ સાહેદ મહોબતસિંહ અમરસિંહ જેઠવાની સોગંદ પરની જુબાની. |

**<u>દસ્તાવેજી પુરાવાઃ</u>-**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૨૨ | શરીર સ્થીતી/અટક પંચનામુ |
| ૨ | ૨૪ | બનાવવાળી સ્થાનીક જગ્યાનુ પંચનામુ |

(૭).. ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતા આરોપી વિરૂધ્ધ સી.આરપી.સી. ૨૯૯ મુજબનો હુકમ થયેલ હોય જેથી આરોપીનુ વિશેષ નીવેદન ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ અન્વયે લેવામાં આવેલ નથી.

(૮).. ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી કે.કે.પટેલનાઓએ દલીલ કરેલ છે કે, આ કામે ફરીયાદપક્ષના કેસની હકીકત જોતા આરોપીઓએ તા. ૦૬/૦૭/ ૨૦૦૮ ના રોજ ના ક. ૧૭.૩૦ વાગ્યે જાખર પાટીયા ચામુંડા હોટલ સામે

આરોપીઓએ મજુરીના નીકળતા પૈસા કઢાવવા માટે ફરીયાદીને ઢીકાપાટુનો માર મારી, એકબીજાની મદદગારી કરી, ફરીયાદીનુ અપહરણ કરી, એસ્સાર લેબર કોલોનીમાં અટકાયત કરી, ગોંધી રાખી ગુનો કરેલ છે તેવી મુખ્ય હકીકત લઇ ફરીયાદપક્ષ અત્રેની અદાલત સમક્ષ આવેલા છે તેમજ વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો જણાતા તે જ કલમ મુજબનુ ચાર્જશીટ દાખલ થયેલું છે, આ કામે ફરિયાદ પક્ષે જે સાહેદો તપાસેલ છે તે સાહેદોની જુબાનીથી ફરીયાદપક્ષની હકીકત નીશંકપણે પુરવાર થાય છે અને તે બાબતે બચાવ પક્ષે પણ કોઈ મહત્વના બચાવ લીધેલ હોય તે રેકર્ડ પર આવેલ નથી. તેવા સંજોગોમાં ફરિયાદપક્ષ આરોપી વિરુદ્ધનો ગુનો શંકા રહિત પુરવાર કરેલ છે. તેવી દલીલ કરી આરોપીને તકસીરવાન ઠરાવવા અને મહત્તમ સજા કરવા અરજ ગુજારેલ છે.

(૯).. ફરિયાદ પક્ષે પડેલ પુરાવા તથા બંને પક્ષોના વિધ્વાન વકીલશ્રીઓની દલીલો ધ્યાને લેતા આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**--// મુદ્દા//--**

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તા. ૦૬/૦૭/૨૦૦૮ ના રોજ ના ક. ૧૭.૩૦ વાગ્યે જાખર પાટીયા ચામુંડા હોટલ સામે આરોપીઓએ મજુરીના નીકળતા પૈસા કઢાવવા માટે ફરીયાદીને ઢીકાપાટુનો માર મારી, એકબીજાની મદદગારી કરી, ફરીયાદીનુ અપહરણ કરી, એસ્સાર લેબર કોલોનીમાં અટકાયત કરી, ગોંધી રાખી ઈ.પી.કો. કલમ ૩૬૫, ૩૪૨, ૩૨૩, ૩૪ મુજબનો ગુનો આચરેલ છે?

(૨) આખરી શું હુકમ ?

(૧૦).. ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો મીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ.

**– :: નિર્ણય અંગેના કારણો :: –**

**(૧૧)..** ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટેફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૧૬ થી સાહેદ નરેન્દ્રસિંહ ચંદુભા જાડેજાને** તપાસેલ છે અને આ પંચ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૦૮માં તેઓ છકડો રિક્ષા ચલાવતા હતા. તેમની પાસે જી.જે. ૧૧ ટી. ૮૨૩૯ નંબરનો છકડો રિક્ષા હતો અને તે છકડો રિક્ષા ઝાખરથી વાડીનાર વચ્ચે ચલાવતા હતા. તેઓ જણાવે છે કે, તેઓ વિજયસિંહ સુરેન્દ્રસિંહ દરબારને ઓળખતા નથી. તેઓ જણાવે છે કે, વિજયસિંહ સુરેન્દ્રસિંહ સાથે બિહારી મજૂરોએ કોઈ માથાકૂટ કે ઝઘડો કરેલ હતો કે કેમ તેની તેમને કોઈ જાણ નથી. તેઓ જણાવે છે કે, પોલીસ દ્વારા તેમની કોઈ પૂછપરછ કરવામાં આવેલ નહોતી.

આ સાહેદ ફરીયાદપક્ષની હકીકત ને સમર્થન કરતા ન હોય ફરીયાદપક્ષ તરફે વિ.એપીપીશ્રી એ તેઓને હોસ્ટાઈલ જાહેર કરી તેઓની વિગતવાર ઉલટતપાસ કરેલ હોવા છતાં આ સાહેદ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

**(૧૨)..** ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક– ૧૭ થી સાહેદ પ્રવિણસિંહ ભોળુભા જાડેજાને** તપાસેલા છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ સને ૨૦૦૮માં તેઓ છકડો રિક્ષા ચલાવતા હતા. તેમની પાસે જી.જે.૧૦.યુ.૪૮૪૪ નંબરનો છકડો રિક્ષા હતો. તે સિવાય સને ૨૦૦૮માં તેઓ અન્ય કોઈ ધંધો કરતા ન હતા. તેઓ આ છકડો રિક્ષા ઝાખરથી વાડીનાર વચ્ચે ચલાવતા હતા. તેઓ જણાવે છે કે, તેઓ વિજયસિંહ સુરેન્દ્રસિંહ દરબારને ઓળખતા નથી. તેઓ જણાવે છે કે, વિજયસિંહ સુરેન્દ્રસિંહ સાથે બિહારી મજૂરોએ કોઈ માથાકૂટ કે ઝઘડો કરેલ હતો કે કેમ તેની તેમને કોઈ જાણ નથી. તેઓ જણાવે છે કે, પોલીસ દ્વારા તેમની કોઈ પૂછપરછ કરવામાં આવેલ નહોતી.

આ સાહેદ ફરીયાદપક્ષની હકીકત ને સમર્થન કરતા ન હોય ફરીયાદપક્ષ તરફે વિ.એપીપીશ્રી એ તેઓને હોસ્ટાઈલ જાહેર કરી તેઓની વિગતવાર ઉલટતપાસ કરેલ હોવા છતાં આ સાહેદ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

(૧૩).. ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૨૧ થી પંચ સાહેદ દિપકભાઈ લાલાભાઈ ફફલ ને** તપાસેલા છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે તેમને તા.૦૮/૦૭/૨૦૦૮ના રોજનું આરોપીઓના અટક પંચનામાની ખરી નકલ બતાવવામાં આવતા, તેમાં પંચનાર તરીકેની સહી તેમની હોવાનું તેમણે ઓળખી બતાવેલ છે. સદર પંચનામું રજુ દાખલ આંક–૨૨ આપવામાં આવેલ છે. આ સહી પોલીસે તેઓ રસ્તા ઉપરથી જતા હતા તે વખતે પોલીસે તેમને સહી કરવાનું કહેતા તેમણે કરેલ હતી. તે સિવાય તેઓ આ અંગે કંઈ જાણતા નથી. પંચનામું તેમણે વાંચેલ નથી કે પોલીસે તેમને વાંચી સંભળાવેલ નથી. તેમની હાજરીમાં પોલીસે આરોપીઓની અટક કરેલ હોય તેવું બનેલ નથી.

આ પંચ સાહેદ પંચનામાની હકીકત ને સમર્થન કરતા ન હોય ફરીયાદપક્ષ તરફે વિ.એપીપીશ્રી એ તેઓને હોસ્ટાઈલ જાહેર કરી તેઓની વિગતવાર ઉલટતપાસ કરેલ હોવા છતાં આ સાહેદ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

(૧૪).. ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૨૩ થી પંચ સાહેદ ખુમાનસિંહ કેશુભા ઝાલા તથા આંક–૨૫ થી પંચ સાહેદ મહોબતસિંહ અમરસિંહ જેઠવા ને** તપાસેલા છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે તેમને તા.૦૭/૦૭/૨૦૦૮ના રોજનું બનાવવાળી જગ્યાનું પંચનામાની ખરી નકલ બતાવવામાં આવતા, તેમાં પંચ તરીકેની સહી તેમની હોવાનું તેમણે ઓળખી બતાવેલ છે. સદર પંચનામું રજુ દાખલ આંક–૨૪ આપવામાં આવેલ છે. આ સહી પોલીસે તેઓ રસ્તા ઉપરથી જતા હતા તે વખતે પોલીસે તેમને

સહી કરવાનું કહેતા તેમણે કરેલ હતી. તે સિવાય તેઓ કંઈ જાણતા નથી. પંચનામું તેમણે વાંચેલ નથી કે પોલીસે તેમને વાંચી સંભળાવેલ નથી. તેમની હાજરીમાં પોલીસે કોઈ બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ હોય તેવું બનેલ નથી.

આ પંચ સાહેદ પંચનામાની હકીકત ને સમર્થન કરતા ન હોય ફરીયાદપક્ષ તરફે વિ.એપીપીશ્રી એ તેઓને હોસ્ટાઈલ જાહેર કરી તેઓની વિગતવાર ઉલટતપાસ કરેલ હોવા છતાં આ સાહેદ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

(૧૫).. આ કામે ફરીયાદી મુળ જીલ્લો ભોજપુર, રાજય બીહારના છે અને વર્ષોથી સમન્સ કાઢવા છતાં ફરીયાદીને સમન્સ બજેલ નથી. તે જ રીતે, આ કામના સાહેદો ઉપર પણ વારંવાર સમન્સો કાઢવા છતાં બજેલ નથી અને આ અંગે આંક–૧ લગત વિગતવારના હુકમો કરી ફરીયાદી તથા સાહેદોના ફરીયાદપક્ષના કેસમાંથી કમી કરવાનો હુકમ કરવામાં આવે છે અને તેથી ફરીયાદીનો પુરાવો લેવાયલ નથી અને ફરીયાદપક્ષે જે સાહેદો તપાસેલ છે તેઓ પંચ સાહેદો છે અને તેઓએ પંચનામાની હકીકતોને કોઈ જ સમર્થન કરેલ નથી અને ફરીયાદી ઉપર વર્ષોથી સમન્સ કાઢવા છતાં બજેલ નથી અને ફરીયાદીને ફરીયાદપક્ષના કેસમાંથી કમી કરવામાં આવેલ છે. આ કામના આરોપી પણ બીહાર રાજયના છે અને આરોપીઓ ઉપર વર્ષોથી પકડ વોરંટ કાઢવા છતાં બજેલ નથી. આરોપીઓના જામીનદારે જામીનની રકમ ભરપાઈ કરી દીધેલ છે તેવા સંજોગોમાં હવે આ કેસ ચાલુ રાખવાનો કોઈ જ અર્થ નથી અને ફરીયાદપક્ષે જે સાહેદોને તપાસેલ છે તે તમામ સાહેદો હોસ્ટાઇલ થયેલા છે. તેવા સંજોગોમાં ફરીયાદપક્ષનો આરોપીઓ વિરુધ્ધનો ગુનો પુરવાર કરેલ હોવાનો કોઈ પ્રશ્ન નથી અને તે સંજોગોમા ફરીયાદપક્ષ આરોપીઓ વિરુદ્ધનો ગુનો શંકારહીત પુરવાર કરવામાં સરેઆમ નિષ્ફળ નીવડેલ છે તેવા તારણ ઉપર હું આવું છું અને તેથી અને તેથી મુદ્દા નં.૧ નો નિર્ણય ''નકારમાં'' આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરનો હુકમ જાહેર કરવામાં આવે છે.

-//**આખરી હુકમ**//-

(૧) આ કામના **આરોપી નં.(૧) અનીલ કુમારશા સીલજીશા (૨) મોતી મહંતો લખીચંદ મહંતો, (૩) ઓમપ્રકાશ શ્રીચંદ્રદેવ મહંતો, (૪) સંજય શ્યામલાલ મહંતો, (૫) જોગીન્દરદાસ બુચીદાસ દાસવા, (૬) મુન્ના તુનતુન પટેલ, (૭) ધરમ દેવદાસ બુચીદાસ, (૮) તુલશીદાસ બીહારીદાસ દાસ, (૯) અબુ હસન સાંઇ, (૧૦) ધુપન ધુરા મહંતોનાઓને** ક્રિ.કે.નં. ૧૪૯૮ /૨૦૦૮ ના કામે તેઓના વિરૂદ્ધના ઈ.પી.કોડની કલમ ૩૬૫, ૩૪૨, ૩૨૩, ૩૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાથી સીઆર.પી.સી.ની કલમ ૨૪૮ (૧) સાથે કલમ-૩૫૩(૬) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવું છું.

(૨) આ કામે આરોપીઓના જામીનદારોએ જામીનગીરીની જમા કરાવેલ રકમ સરકારશ્રી તરફે ખાલસા કરવાનો હુકમ ફરમાવુ છુ.

આ હુકમ આજ તા.૦૩, માહે - ઓગષ્ટ, સને - ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ- લાલપુર.
તા.૦૩ / ૦૮ /૨૦૨૬

(એ.એ.વાયડા)
એડિશ્નલ ચીફ જયુડિશીયલ
મેજીસ્ટ્રેટ, લાલપુર.
યુ.આઈ.સી.નં-જી.જે.૦૦૯૮૬